ગાંધીનગર સમાચાર
તા. ૩-૩-૨૦૧૨, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં ગુજરાતનો જયજયકાર

બે દિવસ ચાલનારી ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં પક્ષનાં નવા વરાયેલા પ્રમુખ રાજનાથસિંહે એમનાં મનનીય પ્રવચનના પ્રારંભમાં પક્ષના જ ગુજરાતમાં ત્રણ ત્રણ વાર એક જ નેતાના નેતૃત્વમાં વિજયપતાકા ફરકાવી એ બદલ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી માટે પ્રશંસાનો ધોધ વહેવડાવી દીધો હતો અને ચાલુ પ્રવચને એમનું ફૂલહાર પહેરાવી અભિવાદન કર્યું હતું. રાજનાથસિંહે પક્ષની રાષ્ટ્રીય પરિષદના પ્રતિનિધિઓને પોતપોતાની બેઠકો પર ઊભા થઇ દેશનાં સૌથી લોકપ્રિય મુખ્યમંત્રીને 'સ્ટેન્ડિંગ ઓવેશન' આપવા અનુરોધ કર્યો ત્યારે તાલકટોરા સ્ટેડિયમ તાળીઓથી અને 'નરેન્દ્ર મોદી તુમ આગે બઢો...' જેવાં સૂત્રોના બુલંદ અવાજથી ગૂંજી ઊઠ્યું હતું. દેખીતી રીતે શ્રી નરેન્દ્ર મોદી માટે આ એમના જીવનનું સર્વોત્તમ સન્માન ગણાય. ખુદ લાલકૃષ્ણ અડવાણી અને સુષમા સ્વરાજે ઊભાં થઇ તાળીઓ પાડી હતી અને એમને હાર્દિક અભિનંદન આપ્યા હતા. ગુજરાતને આ પ્રકારની મહત્તા, આટલી ખુલ્લી રીતે ભારતીય જનતા પાર્ટીએ કદાચ પહેલી જ વાર આપી છે. અન્ય કોઇ રાજયને - ખુદ રાજનાથસિંહના ગૃહક્ષેત્ર ઉત્તરપ્રદેશને કે વાજપેયીની લાંબા સમય સુધી કર્મભૂમિ રહી ચૂકેલ મધ્યપ્રદેશને પાર્ટીએ આટલું બહુમાન ક્યારેક આપ્યું નથી. મોદીનો રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ લોકપ્રિય અને સુશાસન આપનારા મુખ્યમંત્રી તરીકે વારંવાર ઉલ્લેખ કરનારા પક્ષ પ્રમુખે ભાજપના અન્ય મુખ્યમંત્રીઓ અને બિહારના ઉપમુખ્યમંત્રીનો પણ નામોલ્લેખ તો કર્યો, પરંતુ એ તો કેવળ ઔપચારિક વિવેક ખાતર. હા, એમણે મોદીની પ્રશસ્તિ પછી તાબડતોબ પક્ષના બે વરિષ્ઠતમ નેતાઓને જરૂર યાદ કર્યાં. અટલબિહારી વાજપેયી માટે જલદી સાજા થઇ જાય એવી શુભેચ્છા વ્યક્ત કરી અને અડવાણી માટે સંકટમોચકની ભૂમિકા સ્પષ્ટ કરી આપી. પક્ષને ગમે તેવા સંકટોમાંથી ઉગારવાની કુનેહ ધરાવતા 'પ્રાઇમ મિનિસ્ટર ઇન વેઇટીંગ' ભવિષ્યમાં ભાજપના નેતૃત્વ હેઠળ રચનારી સરકારને સંકટની ઘડીએ ઉગારી લેશે, એવી શ્રધ્ધાનો સૂર અને મોદીએ દેશ અને દુનિયામાં વિકાસનાં મુદ્દે ડંકો વગાડી દીધો હોવાની જાહેરાત તથા એમનું ભવ્યાતિભવ્ય સન્માન એ પાર્ટીની આ બે નેતાઓની શક્તિનો સરવાળો કરવા માટેની આગામી વ્યૂહરચનાના બે મહત્ત્વપૂર્ણ આયામ બની રહેશે. હવે મોદી રાષ્ટ્રીય સ્તરે ભાજપના ચૂંટણી પ્રચારનું સુકાન સંભળાશે, તે મુદ્દો તો સ્પષ્ટ જ થઇ ગયો છે. બલકે વડાપ્રધાન પદ માટે એમના નામની જાહેરાત કરવા જતાં પક્ષમાં અને પક્ષનાં સહયોગી પ્રાદેશિક પરિબળોમાં વિવાદ ન સરજાય એટલા સારૂં વડીલ નેતા તરીકે લાલકૃષ્ણ અડવાણીનું નામ પણ સતત ગાજતું અને ગૂંજતું રખાશે. ગુજરાતને તો બંને હાથમાં લાડુ છે. લાલકૃષ્ણ અડવાણી તો ગાંધીનગરની બેઠક પરથી જ ચૂંટાતા રહ્યા છે. બનવાજોગ કે સહયોગી પરિબળોને ભેગાં રાખવા માટે ખુદ નરેન્દ્રભાઇ મોદી પાસે જ સર્વસંમત નેતા તરીકે અડવાણીના નામની દરખાસ્ત કરાવવામાં આવે. સર્વાશ્લેષી રાજકારણમાં આવાં સમાધાનકારી વલણો અપનાવવાં પડતા હોય છે. સરદાર પટેલ પાસે સમગ્ર કોંગ્રેસ કારોબારીનું સમર્થન હોવા છતાં ગાંધીજીના આગ્રહથી દેશનાં વ્યાપક હિતમાં પંડિત જવાહરલાલ નહેરૂનું નામ ખુદ સરદાર પટેલે જ 'પ્રપોઝ' કર્યું હતું! ઇતિહાસને પોતાના જ પુનરાવર્તનની ટેવ પડેલી હોય છે : હિસ્ટરી રિપીટ્સ ઇટ સેલ્ફ!

# વર્ગમાં ૬૦થી વધુ બેસાડવા સામે બોર્ડની હવે લાલઆંખ

### મોટાભાગની શાળાઓ નિયમનો ભંગ કરીને એક વર્ગમાં ૬૦થી વધુ વિદ્યાર્થીને બેસાડે છે તેવી ફરિયાદ બાદ હુકમ

અમદાવાદ, તા.૨


રાજ્ય સરકારની ગ્રાન્ટ મેળવતી માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળાઓના એક વર્ગમાં વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓ બેસાડવાનો શિક્ષણ બોર્ડનો નિયમ છે.

પરંતુ રાજ્યની મોટાભાગની શાળાઓ આ નિયમનો સરેઆમ ભંગ કરીને એક વર્ગમાં ૬૦ કરતા વધુ વિદ્યાર્થીઓ બેસાડી રહી હોવાની હકીકત શિક્ષણ બોર્ડના ધ્યાનમાં આવી છે. જેને રોકવા માટે લાલ આંખ કરતા બોર્ડે તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને પરિપત્ર પાઠવીને ૬૦ વિદ્યાર્થીઓની લીમીટનો ચુસ્ત અમલ થાય તેની તકેદારી રાખવા આદેશ કર્યો છે. રાજ્યમાં ધોરણ-૯ થી ૧૨ સુધી અભ્યાસક્રમો ચલાવતી શાળાઓ ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ પાસેથી ગ્રાંટ મેળવે છે. જેમાં વિદ્યાર્થીઓના શિક્ષણનું સ્તર સચવાય અને શહેરની કોઈ નામાંકિત શાળામાં બધા જ વિદ્યાર્થીઓ ન જતા ગ્રાન્ટેડ તમામ શાળાઓમાં સરખા વિદ્યાર્થીઓ મળી રહે તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા શાળાના એક વર્ગમાં વધુમાં વધુ ૬૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાય તેવી જોગવાઈ કરેલ છે. પરંતુ રાજ્યની મોટાભાગની શાળાઓ શિક્ષણબોર્ડના આ નિયમને નેવે મુકીને એક વર્ગમાં ૬૦ કરતા વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી રહી છે.

એટલું જ નહીં રાજયના કેટલાક ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ૧૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા હોવાની વિગતો બહાર આવી છે. જેની સામે શિક્ષણબોર્ડે લાલ આંખ કરી છે અને જિલ્લા શિક્ષણ અધિકારીઓને પરિપત્ર પાઠવી આવી શાળાઓ ઉપર અંકુશ મેળવવા જણાવવામાં આવ્યું છે. એટલું જ નહીં જો કોઈ શાળા બોર્ડના નિયમનો ભંગ કરતી જણાય તો તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યા છે.

શિક્ષણ બોર્ડના આદેશ મુજબ દરેક શાળાએ નિયત સંખ્યામાં જ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવાનો રહેશે. પરંતુ સંજોગો વસાત જો તે શહેરમાં વિદ્યાર્થીઓ માટે અન્ય શાળાનો વિકલ્પ ના હોય તો તેવા સંજોગોમાં શાળાના સંચાલકોએ જિલ્લા શિક્ષણ અધિકારી સમક્ષ અરજી કરી કેટલા બાળકોને પ્રવેશ આપી શકાય તેની પરવાનગી મેળવવાની રહેશે.

આ અરજી શાળાઓએ શૈક્ષણિસત્ર શરૂ થતાં પહેલા કરવાની રહેશે અને ત્યારબાદ આવેલ કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહીં. બોર્ડના આ આદેશના પગલે એક વર્ગમાં ખિચોખિચ વિદ્યાર્થીઓને ભરીને શિક્ષણના નામે વ્યાપાર કરતી શાળાઓ ઉપર અંકુશ આવશે. એટલું જ નહીં શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીના મેરીટને ધ્યાનમાં રાખવામાં આવે છે કે નહીં તેનું ધ્યાન રાખવાની પણ જિલ્લા શિક્ષણ અધિકારીઓને બોર્ડ દ્વારા તાકીદ કરવામાં આવી છે.




## આદર્શ નિવાસી શાળા અનુ. જાતિ કુમારનો શુભેચ્છા સમારંભ

ગાંધીનગર, તા. ૨

આદર્શ નિવાસી શાળા (અનુસુચિત જાતિ) સેક્ટર-૮ ગાંધીનગરમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો હતો. શ્રીમતી જે.કે. અન્નાવ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી. આચાર્ય શ્રીમતી એમ.જે. કટારાએ આશીર્વચન આપ્યા હતા. શ્રી એ. આર. ઠાકોર તથા શ્રી જી.સી. વૈદ્યે કાર્યક્રમનું સંચાલન તથા વ્યવસ્થા સંભાળી હતી.



## વિકસતી જાતિ આદર્શ નિવાસી શાળાઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

વિકસતી જાતિ આદર્શ નિવાસી શાળાના કુમાર-કન્યાઓનો ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ અને માઈન્ડ પાવર મોટીવેશન યોજાયો હતો. મુખ્ય વક્તા કલ્યાણસિંહ ચંપાવત હાજર રહીને ઝડપી અને ગળાકાપ સ્પર્ધાના યુગમાં લક્ષ્ય સિદ્ધ કરવા શીખ આપી હતી. મુખ્ય મહેમાનપદે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી જે.કે. અંન્તાવે શુભેચ્છા અર્પી હતી. નાયબ નિયામક નરેન્દ્રભાઈ ગુરૂન્ત્રએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કોબાના આચાર્ય ચેતન રાવલ અને શાળા પરિવાર હાજર રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સ્વાતીબા તથા હિરલ કાપડીયાએ કર્યું હતું. આચાર્ય બી.એસ. બારૈયા, સુનિતા ત્રિવેદીએ આર્શીવચન પાઠવ્યા હતા.






## વહાણવટી વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ ઉજવાયો

વહાણવટી વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ તેમજ ઇનામ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરાઇ હતી. પ્રજાપતિ મનીષભાઇ, પ્રીતીબેન રાવલ, મનીષાબેન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. પ્લેગ્રુપ, કે.જી. પ્રાથમિક, માધ્યમિકના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા, કાર્યક્રમ બાદ ઈનામ વિતરણ કરાયું હતુ. વિશાળ સંખ્યામાં વાલી સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

# વિદ્યાર્થીને દંડની જોગવાઈમાં ટ્રાફિક પોલીસ નિષ્ફળ રહી

અમદાવાદ, તા.૨

રાજયના માર્ગ અને વાહનવ્યવહાર વિભાગે દોઢ વર્ષ અગાઉ વિદ્યાર્થીઓ દ્વારા થતા અકસ્માતો નિવારવા અર્થે એક કડક નિયમ બનાવ્યો હતો. જેમાં એવી જોગવાઇ હતી કે શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી શાળઆમાં વાહન લઈને જશે તો તેને દંડ થશે ઉપરાંત વાહન જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરાશે. પરંતુ છેલ્લા ગણા સમયથી આ નિયમ ફક્ત આ વિભાગ સુધી જ સિમિત થઈ ગયુ છે. એવું લાગી રહ્યુ છે કેમ કે આ નિયમની કોઈ ખાસ અસર થઈ નથી અને આ નિયમ ફક્ત કાગળ પર અસરકારક પુરવાર થયુ છે. દેશમાં ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતા યુવાનોને વાહનનું લાયસન્સ મળતું નથી. અને વિના લાયસન્સે વાહન ચલાવવું એ ગુનો બને છે. રાજયની ગ્રાન્ટેડ કે નોન ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા પૈસાદાર કુટુંબોના યુવાનને પુખ્તવયની ઉંમર પહેલા વાહન લઈ આપવાનો ક્રેઝ વધારે છે. પૈસાદાર કુટુંબોના વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે વાહનો ખરીદીને આપે છે. મુખ્યત્વે આવા વિદ્યાર્થીઓ લાયસન્સ વગર વાહન હંકારે છે અને વાહન રોજ શાળાએ લઈ જાય છે. છેલ્લા ઘણા સમયથી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અકસ્માત થવાના કિસ્સાઓ વધી ગયા છે. રાજય સરકારે આ અકસ્માતો નિવારવા એક કડક નિયમની જોગવાઈ કરી હતી પરંતુ આ નિયમથી વિદ્યાર્થી આલમમાં કોઈ ફરક પડ્યો નથી. અને પહેલા કરતા વિદ્યાર્થીઓ રોજ શાળાએ વાહન લઈ જાય છે.

પૈસાદાર કુટુંબથી આવતા વિદ્યાર્થીઓ જાણતા અજાણતા અવારનવાર અકસ્માત કર્યા કરે છે પણ ભોગવવાનું આવે છે નિર્દોષ લોકોના ભાગ્યમાં. આ નિયમના અમલીકરણમાં રાજયનું ટ્રાફિક વિભાગ સદંતર નિષ્ફળ ગયુ છે. ટ્રાફિક વિભાગને પણ અત્યારે કદાચ આવા નિયમ અંગે કોઈ ખબર નહિ હોય. રાજ્ય સરકાર ફક્ત કાગળ પર સારા સારા અને કડક નિયમ બનાવે છે. તેનું અમલીકરણ કરાવી શકતી નથી. જો વિદ્યાર્થી આલમમાં આ નિયમ અંગે ભય હોય તો તેઓ શાળામાં વાહન લઈ જતા અટકે પણ ટ્રાફિક વિભાગની નિષ્ફળતાથી વિદ્યાર્થી આલમ નિયમતોડવામાં ફાવી ગયુ છે.

## કડી એસ.વી. પી.ટી.સી. કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા આયોજીત પી.ટી.સી. ઝોન કક્ષાનો નવમો રમતોત્સવ તાજેતરમાં ડાયેટ કૂકસ ખાતે યોજાયો હતો. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીના પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો તથા અધ્યાપકોએ ભાગ લઈ ૨૬ શિલ્ડ મેડલ મેળવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીના પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો તથા અધ્યાપકોએ તાજેતરમાં ડાયેટ કૂકસ ખાતેના રમતોત્સવમાં ભાગ લઈ ૨૬ શિલ્ડ પ્રાપ્ત કર્યા હતા. તેમાં પ્રથમ નંબરમાં ૪, દ્વિતીય નંબરમાં ૧૪ અને તૃતીય નંબરમાં ૮ મેડલ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. યોગાસનમાં ડૉ. બાબુલાલ પટેલ, લાંબી કૂદમાં રાજેન્દ્રભાઈ પટેલ, યોગાસનમાં મનિષાબેન ચૌધરી અને ગોળાફેંકમાં રઘુવીરસિંહ ઝાલા પ્રથમ નંબરે વિજેતા બન્યા હતા. સંસ્થાના ચેરમેન, મંત્રીઓએ અને આચાર્યા ડૉ. બી.આર. પટેલ તથા સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# બોર્ડની રીસીપ્ટમાં ક્ષતિઓ સુધારીને ધ્યાને લેવા અનુરોધ

### ધો. ૧૨ સામાન્ય પ્રવાહની રીસીપ્ટમાં કેન્દ્રોના અધુરા નામ છપાયા છે

ગાંધીનગર, તા. ૨

આગામી ધો. ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલ રીસીપ્ટમાં ક્ષતિઓ રહી જવા પામી છે. રીસીપ્ટમાં પરીક્ષા કેન્દ્ર સંદર્ભે અપૂરતી વિગતો દર્શાવાતા જિલ્લા શિક્ષણતંત્રએ પરીક્ષાર્થીઓને સુધારો ધ્યાને લેવા જણાવાયું છે.

આગામી તા. ૭ માર્ચથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડ પરીક્ષા યોજવામાં આવનાર છે. પરીક્ષાને અનુલક્ષી તંત્ર દ્વારા બેઠક વ્યવસ્થાથી લઈ હેલ્પલાઈન કાર્યરત કરવા સહિતની તૈયારીઓ કરી દેવાઈ છે. જ્યારે પરીક્ષાર્થીનો ખલેલ રહીત વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી શકે તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાની રીસીપ્ટનું વિતરણ કરી દેવાયું છે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લાના ૧૨૯૩૬ જેટલા વિદ્યાર્થીઓ બેસવાના છે. જ્યારે આ તબક્કે બોર્ડ દ્વારા અપાયેલી રીસીપ્ટમાં ક્ષતિઓ રહી ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જેમાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહના કેન્દ્રો સંદર્ભે રીસીપ્ટમાં સ્વસ્તિક હાયર સેકન્ડરી સ્કુલ લખ્યું છે જેના બદલે સ્વસ્તિક હાયર સેકન્ડરી સંકુલ મોટેરા તેમજ ઈન્ટરનેશનલ સ્કૂલના બદલે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સરગાસણ સમજી વિદ્યાર્થીઓને ધ્યાને લેવા જિલ્લા શિક્ષણ તંત્રએ જણાવ્યું છે.



## ટે-ક્વૉન-ડૉ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમે ૧૮ ટ્રોફી મેળવી

ગાંધીનગર જિલ્લા ટે-ક્વૉન-ડૉ એસોસિએશનના જનરલ સેક્રેટરી જતીન દવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમા ગાંધીનગરની ટીમે ટે-ક્વૉન-ડૉ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી વિજેતા ટ્રોફી મેળવી હતી.

ઓકસફોર્ડ સ્કૂલ અમદાવાદ ખાતે ૮મી ઈન્ટર સ્કૂલ ટે-ક્વૉન-ડૉ ચેમ્પિયનશીપ તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની ટીમના ખેલાડીઓએ વિવિધ વેઈટ કેટેગરીમાં ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યો હતો. પ્રથમ નંબરે ગાંધીનગરના ૮ ખેલાડીઓ, બીજા નંબરે પાંચ ખેલાડીઓ અને ત્રીજા નંબરે પાંચ ખેલાડીઓ વિજેતા થયા હતા અને ટ્રોફી મેળવી હતી. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશભાઈ સંભવાણી અને ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.





## ચૌધરી બી.સી.એ. કોલેજનો ફલક-૨૦૧૩ કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર શહેરની ચૌધરી ગર્લ્સ બી.સી.એ. કોલેજનો ડૉ. આંબેડકર ભવન સેક્ટર-૧૨ ખાતે તાજેતરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ 'ફલક-૨૦૧૩' ઉજવાઈ ગયો.

ફલક-૨૦૧૩ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ દ્વારા સોલો ડાન્સ, ગૃપ ડાન્સ, ડ્યુઓ ડાન્સ, ફેશન શો તથા માઈમ જેવા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના જજ મીનાબેન પટેલ અને શોભાબેન શાહ તેમજ ટ્રસ્ટી ગોવિંદભાઈ ચૌધરી, મોતીભાઈ ચૌધરી, ડાયરેક્ટર પ્રશાંત વાઘેલા, અધ્યાપિકા જહાન્વી પંડ્યા, ઋત્વી વિજય અને હરિભાઈ ચૌધરી, એસ.આર. ચૌધરી, ગણેશભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.



## સરકારી પ્રાથમિક શાળા સે. ૮નો બાળમેળો યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સહેરના સરકારી પ્રાથમિક શાળા સેકટર-૮નો તાજેતરમાં બાળમેળો ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે બાળકોએ ચીટક કામ, રંગ પૂરણી, કાતરકામ, હાસ્ય દરબાર, ફુગ્ગા ફુલાવવા, સોંય-દોરો પરોવવો, વેશભૂષા જેવા અનેક કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

શાળાના ધોરણ-૧ થી ૫ના વિદ્યાર્થીઓના બાળમેળામાં ધોરણ-૧ અને ૨ નાં બાળકોએ કાગળકામ અને માટીકામ તેમજ ધોરણ-૩ અને ૪ના બાળકોએ ચીટકકામ, રંગપૂરણી કરી હતી. ધોરણ-૫ ના વિદ્યાર્થીઓએ કાતરકામ કર્યું હતું. આ ઉપરાંત ધોરણ ૧થી ૫ નો હાસ્ય દરબાર ભરાયો હતો. જેમાં ધોરણ-૪ના પાર્થ વાદીએ સૌથી વધુ હાસ્ય ટૂચકા કહી બધાને પેટ પકડીને હસાવ્યા હતા. 'એક મિનિટ' કાર્યક્રમાં ધોરણ-૧, ૨ નાં વિદ્યાર્થીઓએ મણકા પરોવ્યા હતા. ધોરણ-૧ થી ૫ નાં વિદ્યાર્થીઓએ વેશભૂષા કરી હતી. જેમાં દૂધવાળી, શાકવાળી, શિક્ષક, ડુગડુગિયાવાળી, ફુગ્ગાવાળો, ડૉક્ટર, પોલીસવાળો જેવી વેશભૂષા બાળકોએ રજૂ કરી હતી. વેશભૂષામાં સુસ્મિતા દંતાણી અને પરબત ભરવાડ પ્રથમ નંબરે આવ્યા હતા. ધોરણ-૫નાં વિદ્યાર્થીઓએ પઝલમાં પણ ભાગ લીધો હતો. બાળમેળા અંતર્ગત સીઆરસી દેવીલાબેને શાળાની મુલાકાત લીધી હતી. શાળાના શિક્ષકોએ બાળકોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી બાળમેળાને સફળ બનાવ્યો હતો.